# પાલનપુર ત્રણ બત્તી વિસ્તારમાં મોડીરાત્રે ધિંગાણુ

## જાહેરમાં બિભત્સ વર્તન કરતા યુવકોને રોકવા જતા યુવકો પર હિંસક હૂમલો કરી લોહીયાળ ઈજાઓ પહોંચાડી : પોલીસે ૯ વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી




પાલનપુર શહેરના ત્રણ બત્તી વિસ્તારમાં મોડી રાત્રે જાહેર માર્ગ પર ઉભેલા કેટલાક યુવાનો જાહેરમાં બિભત્સ વર્તન કરતા હતા. આ જોઈ આસપાસના અન્ય યુવાનોએ ઠપકો આપ્યો હતો. આથી થોડીવારમાં જ બિભત્સ વર્તન કરનાર યુવકોએ ઠપકો આપનાર યુવાનો પર હથિયાર વડે હૂમલો કરતા બે યુવકોને ગંભીર લોહીયાળ ઈજાઓ થવા પામી હતી. આથી બન્નેને સિવિલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

પાલનપુરના ત્રણ બત્તી વિસ્તારમાં ગત મોડી રાત્રે ધિંગાણુ થયું હતું. જેમાં છાટકા બનેલા કેટલાક લુખ્ખા તત્વોએ સ્થાનિક રહિશો પર હથિયારો વડે હૂમલો કર્યો હતો. આ હૂમલામાં બિભત્સ વર્તન કરતા યુવાનોને રોકવા જતા કલ્પેશ મોદી, ભરત ચડોખીયા, કનુભાઈ દરજી વગેરેને હૂમલાખોરોએ લાકડી-ધોકા અને તલવાર વડે લોહીયાળ ઈજાઓ પહોંચાડી હતી. હૂમલામાં ચેતન પઢીયારની હાલત વધુ નાજુક જણાતા ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં થોડીવારમાં ભારે તંગદીલી ફેલાઈ હતી અને થોડીવારમાં લોકોના ટોળે ટોળા માર્ગો પર દોડી આવ્યા હતા. આ મામલે સ્થાનિક પોલીસને જાણ થતા તુરંત પોલીસ કાફલો બનાવ સ્થળે દોડી આવ્યો હતો. ટોળાને વિખેરીને સમગ્ર વિસ્તારમાં લોખંડી બંદોબસ્ત ગોઠવી દિધો હતો.



આ બનાવમાં પોલીસે શાહરૂખ મુન્નાભાઈ સરફરાજ, યુનુસ બલોચ, બબલુ સહિત અન્ય સાત વિરૂદ્ધ ફરિયાદ નોંધી તમામની અટકાયત કરી છે.

## ધાનેરાના જડિયા-રામપુરા વચ્ચે જીપ અને ટ્રક વચ્ચે અકસ્માત : આઠને ઈજા

બનાસકાંઠાના ધાનેરા તાલુકાના જડિયા રામપુરા ગામ વચ્ચે ટ્રક અને જીપ વચ્ચે અકસ્માત સર્જાતા આઠ લોકો ઘાયલ થતા સારવાર અર્થે ૧૦૮ દ્વારા ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. બનાસકાંઠામાં અકસ્માતોની વણથંભી વણઝાર ચાલુ જ રહી છે. ત્યારે આજે સવારે એક કમાન્ડર જીપ પેસેન્જર ભરી ધાનેરા તરફ આવી રહી હતી. ત્યારે સામેથી આવી રહેલી ટ્રક સાથે અકસ્માત સર્જાતા કમાન્ડર જીપમાં બેઠેલા પરભીબેન મનરૂપાભાઈ રબારી, જવાનભાઈ નીતિનભાઈ રબારી, મશરાભાઈ રવાભાઈ રબારી, વિહાભાઈ માન્શાભાઈ રબારી, મશરાભાઈ હાલાભાઈ રબારી (ઉ.વ.૩૮), તમામ રહે એટાને ગંભીર ઈજા થતા આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા અને કમાન્ડર જીપમાં ફસાયેલા લોકોને બહાર નીકાળી ધાનેરા ૧૦૮ને ફોન કરતા ૧૦૮ના પાયલોટ હરેશ દવે અને ઈએમટી ગૌરીચંદ્ર તાત્કાલિક ઘટના સ્થળ પર પહોંચી ઘાયલોને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

# પ્રાંતિજમાં સોના-ચાંદીના વેપારીના ઘરે ૩૭ લાખની મત્તાની ચોરી

## તસ્કરોએ રાત્રીના સમયે બંધ મકાનમાં ઉપરના ભાગેથી દરવાજો તોડી પ્રવેશ કર્યો : સવા કિલો સોની અને ૨૧ કિલો ચાંદી સહિત ૩૭,૬૭,૫૪૦ લાખ મત્તાની ચોરી કરી તસ્કરો પલાયન : એફએસએલ તથા ડૉગસ્કોડની મદદ લેવાઈ : પ્રાંતિજના ઈતિહાસમાં તસ્કરો દ્વારા મોટો હાથફેરો

પ્રાંતિજ, તા. ૩

પ્રાંતિજ હુમ્મલ કુવા પાસે આવેલ ગીચ વિસ્તારમાં રહેતા અને પ્રાંતિજમાં સોના-ચાંદીનો ધંધો કરતા ચિરાગ જ્વેલર્સના વેપારીને ત્યાં બંધ મકાનમાં તસ્કરોએ પ્રવેશ કરી ઘરમાંથી સોના ચાંદીના દાગીના કુલ ૩૭,૬૭,૫૪૦ના મત્તાની ચોરી કરી પલાયન થયા હતા. જ્યારે વેપારી પરિવાર સાથે ઘરે પરત ફરતા ખબર પડતાં પ્રાંતિજ પોલીસને જાણ કરતાં પ્રાંતિજ પી.આઈ. સહિત પોલીસ સ્ટાફ સહિત તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી.

પ્રાંતિજ પોલીસસ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ બજારચોક ભરચક વિસ્તારમાં આવેલ હુમ્મડ કુવા સામે રહેતા નરેશભાઈ મોહનભાઈ સોની કે જેવો વર્ષોથી સોના-ચાંદીનો ધંધો કરે છે. જ્યારે તેવો તા. ૧ ને રવિવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે દુકાન બંધ કરી દુકાનનો માલ ઘરે મુકી અમદાવાદ પાલડી વિસ્તારમાં રહેતા તેમનો પુત્ર ચિરાગના ઘરે ગયા હતા અને બીજા દિવસે સોમવારના દિવસે ૨-૧૧-૨૦૧૫ને સોમવારના રોજ રાત્રે ૧૧.૩૦ કલાકે ઘરે પરત આવ્યા હતા. જ્યારે ઘરમાં ઘુસતા જ ઘરમાં કંઈ બન્યું છે તેવો ખ્યાલ આવતા અંદરના રૂમમાં તપાસ કરતાં અંદરના રૂમમાં તિજોરી ખુલ્લી હાલતમાં તથા મુકેલ સોના-ચાંદીના દાગીના અંદર તપાસ કરતાં ના મળી આવતા ઘરના દરેક સભ્યોના પગ નીચેથી અચાનક ધરતી ખસી ગઈ હતી. જ્યારે બુમ બરાડા થતા આજુબાજુમાંથી લોકો રાત્રીના સમયે તેમના ઘરે દોડી આવ્યા હતા અને પ્રાંતિજ પોલીસને જાણ કરતાં પ્રાંતિજ પી.આઈ. ભરત પટેલ સહિત પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. જ્યારે પ્રાંતિજ પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી હતી.

જ્યારે તસ્કરો મકાનની પાછળના ભાગેથી ધાબા ઉપર આવેલ સીડીનો દરવાજો તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને ઘરમાં મુકેલ અંદાજે સવા કિલો સોનુ અને એકવીસ કિલો ચાંદી જેમાં દુકાનના દાગીનાની કિંમત રૂ. ૨૧,૧૩,૩,૩૪૦ તથા ૧૬,૫૪,૨૦૦ ઘરના કુલ - ૩૭૬૭૫૪૦નો મુદ્દામાલના દાગીના લઈ અજાણ્યા તસ્કરો લઈ ફરાર થઈ ગયા હતા.

જ્યારે સવારે મકાન માલિક નરેશભાઈ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં વિગતવાર ફરીયાદ કરતાં સવા કિલો સોનુ અને એકવીસ કિલો ચાંદી સહિત કુલ ૩૭,૬૭,૫૪૦ની મત્તાની અજાણ્યા તસ્કરો ચોરી કરી પલાયન થતા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા તસ્કરો વિરૂદ્ધ નરેશભાઈ મોહનભાઈ સોનીએ ફરીયાદ કરતાં પ્રાંતિજ પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. જ્યારે એફએસએલ તથા ડોગસ્કોડની મદદ લેવામાં આવી હતી. જ્યારે ફીંગર પ્રીન્ટ એક્સપટને બોલાવવામાં આવ્યા હતા. હિંમતનગર એસપી શ્રીવાસ્તવ સહિત ઉપરી અધિકારીઓ મુલાકાત લીધી હતી. જ્યારે પ્રાંતિજના ઈતિહાસમાં તસ્કરો દ્વારા મોટો હાથ ફેરો કર્યાનો પ્રથમ કિસ્સો છે. જે પ્રાંતિજ પોલીસ માટે પણ ચેલેન્જ રૂપ હોય તેવું લાગી રહ્યું છે. જ્યારે પ્રાંતિજ પી.આઈ. સહિત પોલીસ ટીમ તસ્કરોને પકડવા અવનવી પદ્ધતિ સહિત ટેકનોલોજી સહિતનો ઉપયોગ કરી તજવીજ હાથ ધરી છે.







## રાજ્ય સરકાર દ્વારા મોડાસામાં એકાંકી નાટ્ય સ્પર્ધાનું આયોજન

મોડાસા, તા. ૩

ગુજરાત રાજ્ય સંગીત નાટક એકાદમી ગાંધીનગર દ્વારા સમગ્ર ગુજરાતમાં અને અરવલ્લી જિલ્લાના મોડાસામાં પ્રથમવાર નાટ્ય સ્પર્ધા મોડાસાની કલા પ્રેમી અને સંસ્કારી જનતાને નિહાળવા મળશે. ગુજરાત રાજ્ય દ્વારા પાંચ દિવસ સુધી જુદા જુદા ૧૫ નાટકોનું આયોજન કરેલ છે. અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી સ્પર્ધા મોડાસાની મ.લા. ગાંધી કેમ્પસ ભા.માં.સા. હોલમાં ગુજરાત સરકાર દ્વારા પ્રથમ વખત મોડાસા જેવા શહેરમાં યોજવામાં આવી છે. જેમાં ૧ નવેમ્બર, રવિવારથી ૫ નવેમ્બરને ગુરૂવાર સુધી અલગ-અલગ ૧૫ નાટકો નાટ્યકાર દ્વારા બતાવવામાં આવનાર છે. જેના આજે પ્રથમ દિવસે આ નાટકને શરૂઆત પહેલા મંચસ્થ મહેમાનો નવીનચંદ્ર મોદી, કેતુલભાઈ જયસ્વાલ તથા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગરના કો-ઓડીનેટર ડી.કે. પટેલે દિપ પ્રાગટ્ય કરી પધારેલ મહેમાનોને ફૂલછડી, શાલ ઓઢાડી મોમેન્ટો આપી સ્વાગત કરવામાં આવ્યું હતું.



## મોડાસાની એચ.એલ. પટેલ વિદ્યાલયની વિદ્યાર્થિનીઓ ઝળકી

ગુજરાત રાજ્ય રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર આયોજીત રાજ્યકક્ષાની ગરબા સ્પર્ધા અમદાવાદ જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે યોજાઈ હતી. જેમાં મોડાસાની એચ.એલ. પટેલ સરસ્વતી વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. રાજ્ય રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ ગાંધીનગર આયોજીત રાજ્ય ગરબા સ્પર્ધા તાજેતરમાં અમદાવાદ ખાતે યોજાઈ હતી. જેમાં રાજ્યભરમાંથી અલગ-અલગ જિલ્લામાંથી ગરબા ટીમોએ ભાગ લીધો હતો. રાજ્યકક્ષાની ગરબા સ્પર્ધામાં મોડાસાની એચ.એલ. પટેલ સરસ્વતી વિદ્યાલયની ૧૨ વિદ્યાર્થીનીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ઈનામો પ્રાપ્ત કર્યા હતા. અને શાળાનું ગૌરવ વધાર્યું હતું.

## વાવડીમાં અદાવત રાખી માર મારતા ત્રણ વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૩

તલોદ તાલુકાના વાવડી (સોનીસર) ગામે સોમવારે ઝઘડાની જૂની અદાવત રાખી ત્રણ જણાએ બે શખ્સોને માર મારતા તેમની વિરૂદ્ધ તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે વાવડી ગામે રહેતા અરજણસિંહ કાળુસિંહના પુત્ર સુરેશસિંહને એક વર્ષ અગાઉ ગામના જ કનુસિંહ શિવસિંહ પરમાર સાથે ઝઘડો થયો હતો. જેની અદાવત રાખી સોમવારે સુરેશસિંહ ગામમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કનુસિંહે ગાળો બોલી હતી. જેથી તેમના મોટાભાઈ સંજયસિંહ આવ્યા હતા અને ઝઘડો ન કરવા સમજાવતા હતા. તેમ છતાં કનુસિંહે ઉશ્કેરાઈ જઈ ગાળો બોલવાનું ચાલુ રાખ્યું હતું.

જેમાં જુજારસિંહ અને ગણપતસિંહે આવી ઉપરાણું લેતા ત્રણેય જણાએ સંજયસિંહને માર મારી ઈજા પહોંચાડી હતી. દરમિયાન પ્રવિણસિંહ તથા તેમનો ભાણાએ આવી ઈજાગ્રસ્તોને સારવાર માટે તલોદ સિવિલમાં ખસેડાયા હતા. ત્યારબાદ પ્રવિણસિંહ મનુસિંહે કનુસિંહ પરમાર, જુજારસિંહ પરમાર અને ગણપતસિંહ પરમાર વિરૂદ્ધ તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## સાયરા ગામની સીમમાં ઊંડા ખાડામાં પડેલી ગાયની વ્હારે જીવદયાપ્રેમીઓ આવ્યા

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના શામળાજી-ગોધરા રાજ્ય ધોરીમાર્ગ પર સાયરા ગામની સીમમાં આવેલી ચૌધરી હોસ્ટેલના પાછળના ભાગમાં ઊંડા ખાડામાં સોમવારે રાત્રીના સમયે અંધારાના લીધે ગાય ૨૦ ફૂટ ઊંડા ખાડામાં ખાબકી હતી. જેની જાણ મોડાસા જીવદયાપ્રેમીઓને થતા તાબડતોડ સ્થળ પર પહોંચી ઊંડા ખાડામાં ગરકાવ ગાયને કાઢવા જેસીબીની મદદ લઈ ગાયનો જીવ બચાવવામાં આવતા આજુબાજુના લોકોમાં આનંદ છવાયો હતો.

દેશભરમાં ગાયના નામે રાજકારણથી લઈને ધર્મકારણ ખેલાઈ રહ્યુંછે. ત્યારે શહેરી વિસ્તારમાં ગાયોની હાલત ખોરાક મેળવવા કફોડી બની છે. ગાય અને અન્ય અબોલા પશુ-પંખીઓ માટે ખોરાક અને ઘાસચારો તો બાજુમાં રહ્યો પરંતુ શહેરીજનો દ્વારા ઘર આંગણે એંઠવાડ નાખતા ગાયો તેના શહારે જીવી રહી છે. એંઠવાડથી ગાય અને અબોલા પશુઓમાં રોગચાળો ફેલાઈ રહ્યો છે. ત્યારે આ બિનવારસી અથવા પશુપાલકો દ્વારા અબોલા પશુઓને રઝળતી મુકી દેવામાં આવતા ગાયની અકસ્માતની ઘટનાઓ બની રહી છે. મોડાસાના સાયરા ગામની સીમમાં આવેલી ચૌધરી હોલ્ટેલ પાછળના ખાડામાં ગાય ખાબકતા આ અંગેની જાણ મોડાસાના જીવદયાપ્રેમીઓને ૧૨ કલાક પછી થતા મોડાસાના જીવદયાપ્રેમી નિલેષભાઈ જોષી, નિતિન પંડ્યા અને ગફુર દેસાઈ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી ગાયને બચાવવા નગરપાલિકાનું જેસીબી બોલાવી ગાયને ખાડામાંથી બહાર કાઢવામાં સફળતા મળી હતી. ગાય ગાભણ હોવાથી ગાયના બચ્ચાને બચાવવામાં નિષ્ફળતા મળતા જીવદયાપ્રેમીઓ અને એસ.આઈ. પુરોહિત અને અન્ય લોકોમાં ગમગીની છવાઈ હતી. બીજી બાજુ ગાયને બચાવી લેવાતા આજુબાજુના રહેણાંક સોસાયટીના લોકોએ જીવદયાપ્રેમીઓની સરાહના કરી હતી.

અરવલ્લી જિલ્લાના જીવદયાપ્રેમી નિલેષભાઈ જોષીના જણાવ્યા મુજબ જિલ્લામાં પાંજરાપોળ માટેની માંગણી છેલ્લા કેટલાય સમયથી કરવામાં આવતી હોવા છતાં જિલ્લા વહિવટીતંત્ર દ્વારા આ અંગે કોઈ જ યોગ્ય નિરાકરણ ન લાવતા ઢીલી નીતિના લીધે ગાયો-અબોલા પશુઓને હાલાકી ભોગવવી પડે છે. જેથી આ પાંજરાપોળ અંગે નિરાકરણ ઝડપી લાવી તાત્કાલિક યોગ્ય નિર્ણય લેવામાં આવે તો અબોલા પશુઓની જાનહાની ટાળી શકાય.



# ધાનેરામાં જાહેર શૌચાલય શોભાના ગાંઠીયા સમાન

## શૌચાલય નગરજનો માટે ખુલશે ખરા કે પછી જુના જમાનાના રાજા રજવાડાના મહેલની માફક શોભાના ગાંઠીયા સમાન જ બની રહેશે

ધાનેરા, તા. ૩

બનાસકાંઠાની ધાનેરા નગરપાલિકાના સત્તાધીશો દ્વારા લાખોના ખર્ચે બનાવાયેલા શૌચાલય લોકો માટે ખુલ્લા મુકાશે ક્યારે તે એક પ્રશ્ન ઉદ્‌ભવી રહ્યો છે. તો બીજી તરફ ધાનેરાના લોકો જણાવી રહ્યા છે કે પાલિકાના સત્તાધીશો પોતાનું નામ કમાવા અને આપેલા કોન્ટ્રાક્ટમાંથી પોતાનું કમીશન લઈ ચાલતી પકડે છે. ત્યારે સરકારમાંથી મંજુર થયેલી લાખો કરોડોની ગ્રાન્ટ પાણીમાં જાય છે.

ધાનેરા નગરપાલિકા દ્વારા ધાનેરા રેલવે સ્ટેશન પાસે ગંજ રોડ પર નેનાવા રોડ પર લાખોના ખર્ચે શૌચાલય બનાવ્યા છે. પણ જ્યારે આ શૌચાલયનો જોઈએ ત્યારે શૌચાલયને તાળા મારેલા જોવા મળે છે. ક્યારેય આ શૌચાલય ખુલ્લા જોવા મળતા નથી. ત્યારે આ શૌચાલય બંધ જોઈ દારૂડિયાઓને પણ છુટ્ટો દોર મળી ગયો છે. શૌચાલયના બહારના ભાગમાં બનાવવામાં આવેલી મુતરડીમાં ઠેર ઠેર દારૂની બોટલોના ઢગલા જોવા મળે છે. વધુમાં ગંજરોડ પર પણ બે શૌચાલય બનાવામાં આવેલા છે. ત્યાં પાણીની વ્યવસ્થા ન હોવાના કારણે તે પણ શોભાના ગાંઠીયા સમાન ભાસી રહ્યા છે. ધાનેરા નગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલા ધાનેરાના શૌચાલયોમાંથી આજની તારીખમાં જોવા જોઈએ તો એક પણ શૌચાલય લોકો માટે કામ નથી આવતુ. અને બધાજ શૌચાલય શોભાના ગાંઠીયા સમાન ભાસી રહ્યા છે. પાલિકા દ્વારા લોકો માટે બનાવામાં આવેલા શૌચાલય લોકો માટે ખુલશે ખરા કે પછી જુના જમાનાના રાજા રજવાડાના મહેલની માફક શોભાના ગાંઠીયા સમાન જ બની રહેશે... આ શૌચાલય લોકોના ઉપયોગ માટે બનાવવામાં આવ્યા છે. પણ લોકોને તો ઉપયોગમાં નથી આવતા પરંતુ વેપારીઓને જરૂર ઉપયોગમાં આવે છે. કેમ કે જે શૌચાલય જોઈએ ત્યાં વેપારીઓ દ્વારા પોતાના ધંધા રોજગારના મોટા મોટા પોસ્ટરો જોવા મળે છે.

ત્યારે અત્યારે તો ધાનેરામાં ચોરે ને ચૌટે એક જ વાત સાંભળવા મળી રહી છે કે ધાનેરા નગરપાલિકાના સત્તાધીશો પોતાનું નામ કમાવવા માટે ધાનેરામાં લોકોના ઉપયોગ માટે કામ કરે છે અને જે કામ પોતાના મળતિયા કોન્ટ્રાક્ટરને આપે છે અને તેમાંથી તેમનું કમીશન મેળવે છે. ત્યાર બાદ લાખોના ખર્ચે કરેલા કામ આમ જ પાણીમાં વહી જાય છે... એક તરફ મુખ્યમંત્રી દ્વારા નિર્મળ ભારત અભિયાન અંતર્ગત ૧૦૦ ટકા શૌચાલય બનાવવાની જાહેરાત કરવામાં આવે છે ત્યારે બીજી તરફ ધાનેરાની નગરપાલિકા આ અભિયાનના ધજાગરા ઉડાવી શોભાના ગાઠીયા સમાન શૌચાલય બનાવી છોડી દે છે અને મુખ્યમંત્રીના નિર્મળ ભારત અભિયાન ધજાગરા ઉડાવી જાણે મુખ્યમંત્રીને પણ ચેલેન્જ કરતા હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે ધાનેરાના નગરજનો ઈચ્છી રહ્યા છે કે જિલ્લાના કલેક્ટર શ્રી રાણા મુખ્યમંત્રીના નિર્મળ ભારત અભિયાનના ધજાગરા ઉડાવનાર પાલિકાના સત્તાધીશોની સાન ઠેકાણે લાવી લોકો માટે બનાવેલા શૌચાલય લોકો માટે ખુલ્લા મુકાવે.

## કેશરપુરા પાસેથી દારૂની હેરાફેરીમાં વપરાયેલ કારનો નંબર ખોટો

હિંમતનગર, તા. ૩

હિંમતનગર તાલુકાના કેશરપુરા પાસેથી તાજેતરમાં કાર નં. આર.જે.ઈસી.૯૮૧૮ પકડાઈ હતી. જેમાં ગાંભોઈ પોલીસે તપાસ કરતાં દારૂમાં વપરાયેલ આ કારની નંબર પ્લેટ ખોટી હોવાનું જણાયું હતું. જેથી પી.એસ.આઈ. બી.જી. સિસોદીયાએ સયરામ નારાજી ઢોંગી (રહે. રાજસ્થાન) વિરૂદ્ધ મંગળવારે વધુ એક ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.